Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :33• Date : 04-01-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisodiya • Mo. 98790 84567

## શ્રી રામ જન્મભૂમિ ખાતે આકાર લઈ રહેલાં શ્રી રામ મંદિરના કળશનું જુનાગઢ બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર ખાતે કરાયું કળશ પૂજન









શ્રી રામ જન્મભૂમિ અયોધ્યાથી નીકળેલા અને અને પ્રાંત પ્રાંતમાં પૂજન થઈ રહેલા અક્ષત્- કળશનું જુનાગઢ બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર ખાતે ધામધૂમપૂર્વક પૂજન કરવામાં આવ્યું હતું. જુનાગઢ બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોની સભા વચ્ચે આ શ્રી કળશ પૂજનનો અવસર યોજાયો હતો. આ શ્રી કળશ પૂજન સભામાં જુનાગઢ શહેરના ભાજપ પ્રમુખ શ્રી પુનિતભાઈ શર્મા તથા જુનાગઢ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી હરેશભાઈ પરસાણા તથા આર.એસ.એસના કાર્યકરોએ ઉપસ્થિત રહીને કોઠારી સ્વામીશ્રી પૂજ્ય ધર્મવિનય સ્વામી સાથે માંગલિકવિધિ, વચ્ચે આ શ્રી કળશનું ધામધૂમ પૂર્વક ભક્તિભાવ સાથે પૂજન કર્યું હતું અને શ્રી કળશને મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી હતી. સભાના અંતે ઉપસ્થિત તમામ હરિભક્તોએ પણ શ્રી કળશ પૂજન વિધિ કરી હતી.

## ગુજરાત સહિત ૧૦ રાજ્યોમાં જેએન.૧ના કુલ ૨૬૩ કેસ, ૨૪ કલાકમાં કોરોનાના ૫૭૩ કેસ

નવી દિલ્હી

દેશભરમાં કોરોનાના ડબલ એટેકથી રાજ્ય સરકારો ચિંતિત બની છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુએચઓ) પણ કોરોના અને કોરોનાના સબ વેરિયન્ટ જેએન.૧ના વધતા કેસો પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યું છે, ત્યારે દેશમાં કોરોનાવાયરસની સાથે સાથે નવા વેરિયન્ટ કેસોમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. અત્યાર સુધીમાં ૧૦ રાજ્યોમાં કોરોનાના સબ વેરિયન્ટ જેએન.૧ના ૨૬૩ કેસો સામે આવ્યા છે. નવા વેરિયન્ટના સૌથી વધુ કેરળમાં ૧૩૩ કેસ નોંધાયા છે, ત્યારબાદ ગોવા અને ગુજરાતમાં પણ કેસો વધ્યા છે. ઉપરાંત કોરોનાના કેસોમાં પણ વધારો થયો છે.ઈસાકોગના અહેવાલ મુજબ અત્યાર સુધીમાં ૧૦ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં નવા વેરિયન્ટના કેસોનો પગપેસારો થયો છે.

સૌથી વધુ કેરળમાં ૧૪૪, ગોવામાં ૫૧, ગુજરાતમાં ૩૪, દિલ્હીમાં ૧૬, કર્ણાટકમાં ૮, મહારાષ્ટ્રમાં ૯, રાજસ્થાનમાં ૫, તમિલનાડુમાં ૪, તેલંગણામાં ૨ અને ઓડિશામાં એક કેસ સામે આવ્યો છે. અહેવાલ મુજબ ડિસેમ્બરમાં નવા વેરિયન્ટના ૧૭૯ કેસો અને નવેમ્બરમાં ૨૪ કેસ સામે આવ્યા હતા.ઉલ્લેખનિય છે કે, આરોગ્ય મંત્રાલયે આજે સવારે જાહેર કરેલા ડેટા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ ના વધુ ૫૭૩ કેસ નોંધાયા છે.

આ સાથે જ દેશમાં સક્રિય કેસોની સંખ્યા ૪૫૬૫ પર પહોંચી ગઈ છે.દેશમાં જેએન.૧ સબ-વેરિયન્ટનો પ્રથમ કેસ ઓગસ્ટમાં સામે આવ્યો હતો. નવો વેરિયન્ટ ઓમિક્રોનનો સબ-વેરિયન્ટ બીએ.૨.૮૬માંથી ઉદભવ્યો છે. ૨૦૨૨ની શરૂઆતમાં કોરોના કેસોમાં વધારો થવાનું મુખ્યકારણ બીએ.૨.૮૬ જ હતો. બીએ.૨.૮૬ વધુ ફેલાયો ન હતો, પરંતુ તેને નિષ્ણાંતોની ચિંતા વધારી દીધી હતી, કારણ કે, બીએ.૨.૮૬માં સ્પાઈક પ્રોટીન પર વધારાના પરિવર્તનો થયા હતા અને તેની જેમ જેએન.૧ના સ્પાઈક પ્રોટીનમાં પણ એક વધારાનું પરિવર્તન થયું છે. નિષ્ણાંતોનું કહેવું છે કે, વિશ્વસ્તરે કેસોમાં વધારો થાય બાદ સામે આવ્યું છે કે, જેએન.૧ ઓમિક્રોનું સબ-વેરિયન્ટ છે, જે મજબૂત ઈમ્યૂનિટી ધરાવતા લોકોને પણ સરળતાથી સંક્રમિત કરી શકે છે. યૂએસ સેન્ટર ફૉર ડિજીજ કંટ્રોલ (સીડીસી)એ નવા વેરિયન્ટને ઝડપી ફેલાતો હોવાનો ખુલાસો કર્યો છે.સીડીસીના જણાવ્યા મુજબ કોરોનાના નવા વેરિયન્ટ જેએન.૧થી પીડિત દર્દીમાં તાવ, ઠંડી લાગવી, ઉધરસ, શ્વાસ લેવામાં તકલીફ, થાક, માથું દુઃખવું, સ્નાયુમાં દુઃખાવો, સ્વાદ અથવા ગંધ પારખવામાં સમસ્યા, ગળામાં ખરાશ, નાક વહેવું, ઉબકા, ઉલટી અને ઝાડા જેવા લક્ષણો જોવા મળે છે. જોકે કેટલાક કેસોમાં લક્ષણો દર્દીની ઈમ્યૂનિટી પર નિર્ભર છે.

## તંત્રી લેખ

# જોઈએ છે : કાનની વ્યથા સાંભળી શકે તેવા કાન

કાનનો સમાનાર્થી શબ્દ કર્ણ અમસ્તો નહીં રાખવામાં આવ્યો હોય. મહાભારતના કર્ણની જેમ કાન પણ બિચારા જન્મથી મૃત્યુપર્યંત અન્યાય, શોષણ તથા ઉપેક્ષાનો ભોગ બનતા આવ્યા છે. નાનું બાળક જન્મે ત્યારે માતાની પડખે સૂતેલા બાળકની આસપાસ એના દાદા-દાદી, પિતા, ફોઈ, કાકા, મામા, માસી વિગેરે વીંટળાઈને વહાલપૂર્વક એને નીરખી રહે છે. 'કપાળ કેટલું મોટું છે! ભાગ્યશાળી બનશે.'- કોઈ બોલે છે. તો કોઈ બોલે છે, 'આંખો તો અદલ એની મમ્મી જેવી માંજરી છે.' કોઈ એના હોઠ-હડપચી જોઈને 'એના પપ્પા જેવી લાગે છે.' એમ કહે છે. આમ તેની આંખો, ગાલ, હોઠ, કપાળથી માંડીને નાનકડા હલહલ કરતા હાથ-પગનાં વખાણ કરવાનું કોઈ ચૂકતું નથી. પણ ક્યારેય કોઈને બાળકનાં કાનનાં વખાણ કરતાં સાંભળ્યા છે! અરે, કવિઓ અને લેખકોએ પણ ક્યાં કાનની નોંધ સુદ્ધાં લીધી છે! 'આપકે પાંવ દેખે... બહોત હસીન હે'-થી 'આંખો કી ગુસ્તાખીયાં માફ હો' સુધીની યાત્રામાં કવિઓએ-લેખકોએ ક્યારેય અભિનેત્રીના કાન પર ગૌર ફરમાવ્યું હોય તેવું જોવા નથી મળ્યું. બરેલીના બજારમાં છેક કાનમાંથી પડી ગયેલા ઝુમખા સુધી પહોંચી ગયેલા કવિને કાન સુધી પહોંચતા પેટમાં શું ચૂંક આવી હશે!

માનવજાત કાન પાસેથી કોઈ કામ ન લેતી હોય અને તેની ઉપેક્ષા કરે તે સમજી શકાય એમ છે. પણ એવું નથી. કાન પાસેથી કાનનું ગજું છે તેથી અનેક ઘણું કામ લેવામાં આવે છે. રામાયણ-મહાભારતકાળના લોકોની આંખો અને (રાવણ, દુઃશાસન કે શૂર્પણખા જેવા કેટલાક અપવાદોને બાદ કરતાં) દ્રષ્ટિ સારી હશે કે જેથી તેમણે ચશ્મા ધારણ નહોતા કરવા પડતા. અને એને કારણે કાનનો ઉપયોગ સાંભળવા પૂરતો જ કરવામાં આવતો હતો. પણ આજના કળિયુગમાં ઘરે ઘરે જેઠાલાલ થઈ ગયા પછી લોકોની દ્રષ્ટિ અને ઘરે ઘરે ટેલિવિઝન ને વ્યક્તિએ વ્યક્તિએ મોબાઈલ ફોન થઈ ગયા પછી લોકોની આંખો હવે સારી નથી રહી. બગડી ગયેલી દ્દષ્ટિનો તો ખેર ઉપચાર નથી; પણ આંખોની કમજોરીનો નિવેડો ચશ્મા લગાવીને લાવી શકાય છે. આંખો માટે નિર્માણ પડેલા ચશ્માનો ભાર તેમ છતાંય કાને વેઠવો પડે છે. ગોકુળમાં રહેતા કાને તો માત્ર એક વાંસળી ઊંચકી હતી; જ્યારે મસ્તક પર રહેલા કાને ચશ્માની બબ્બે દાંડીઓ ઊંચકવી પડે છે. આટલો જુલમ ઓછો હતો તે મોબાઈલ આવ્યા પછી લોકોએ કાનની અંદર ઈયર-પ્લગ ખોસવાનું શરૃ કર્યું. ઈયર-પ્લગને કારણે કાનની ભીતર રહેલા ઉપાંગો જેવાં કે હથોડી, એરણ અને પેંગડુંને મળતો હવા અને સૂર્યપ્રકાશ પુરવઠો અવરોધાઈ જાય છે. 'કુછ લોગ મેરે હિસ્સે કા સુરજ ભી ખા ગયે'-વાળો જાવેદ અખ્તરનો શેર જેટલા મહાનગરોમાં વસતા માણસો ને લાગુ પડે છે એટલા જ કાનની અંદર વસતા ઉપાંગોને પણ લાગુ પડે છે. માત્ર ચશ્માની દાંડી માટે ટેવાયેલા કાન છેલ્લા દસેક વર્ષથી ઈયર-પ્લગ માટે પણ માંડ ટેવાયા હતા ત્યાં ૨૦૨૦માં તેમની પર નવી આફત ત્રાટકી - કોરોના વાયરસ સ્વરૃપે. કોરોના વાયરસ ને લીધે ફેફસાં પર કે શ્વસનતંત્ર પર થતી અસરો વિષે કેટકેટલા સંશોધનો થયા છે.

# ઈઝરાયેલની સેનામાંથી એક બોગસ સૈનિક પકડાયો

તેલ અવીવ, તા.૨

હમાસ સામે ચાલી રહેલા જંગમાં ઈઝરાયેલની સેના માટે એક ચિંતાજનક ઘટના બની છે.ઈઝરાયેલની સેનામાંથી એક બોગસ સૈનિક પકડાયો છે. હેરાન કરનારી વાત એ છે કે, આ બોગસ સૈનિક ઈઝરાયેલની સેના વતી અત્યાર સુધી હમાસ સામેના જંગમાં પણ સામેલ થયો હતો. હવે તેના પર હથિયાર ચોરીનો આરોપ લાગ્યો છે.તપાસમાં બહાર આવ્યુ હતુ કે, આ વ્યક્તિ સેનામાં ક્યારેય સત્તાવાર રીતેન હોતો જોડાયો. રોઈ યિફ્રેક નામનો ૩૫ વર્ષીય યુવાન સાત ઓક્ટોબરે હમાસ દ્વારા થયેલા આતંકી હુમલાનો ફાયદો ઉઠાવીને હમાસ સામેના યુધ્ધમાં ઈઝરાયેલના સૈનિક તરીકે સામેલ થઈ ગયો હતો.આ દરમિયાન તેણે મોટા પાયે હથિયારો, યુધ્ધની બીજી સામગ્રી તેમજ કોમ્યુનિકેશન ઈક્વિપમેન્ટ સહિતની વસ્તુઓની ચોરી કરી છે. ઈઝરાયેલના મીડિયાના કહેવા પ્રમાણે તેણે ગાઝામાં લડાઈમાં ભાગ લીધો હતો અને એટલે સુધી કે સૈનિકોને મળવા માટે આવેલા વડાપ્રધાન નેતાન્યાહૂ સાથે તેણે તસવીર પણ ખેંચાવી હતી.યિફ્રેક સાત ઓક્ટોબરે દક્ષિણ ઈઝાયેલ પહોંચ્યો હતો અને તેણે પોતાની ઓળખ એન્ટી ટેરરિસ્ટ યુનિટના સૈનિક તેમજ બોમ્બ ડિફ્યુઝિંગ એક્સપર્ટ તરીકે આપી હતી.

# આસામમાં સ્થાયી શાંતિ અને સર્વાંગી વિકાસના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છેઃ અમિત શાહ




આસામમાં શાંતિ જાળવવાના પ્રયાસમાં મોટી સફળતા મળી છે. ૪૦ વર્ષમાં પ્રથમ વખત, આસામમાં સશસ્ત્ર આતંકવાદી સંગઠને ન્દ્બછ ભારત અને આસામ સરકાર સાથે ત્રિપક્ષીય શાંતિ કરાર માટે સંમત થયા છે. આ સાથે અમૃતકલ દરમિયાન આસામના ઈતિહાસમાં એક નવા યુગની શરૂઆત થવા જઈ રહી છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના માર્ગદર્શન હેઠળ, આસામ સહિત સમગ્ર ઉત્તર-પૂર્વમાં હિંસાના અંધકાર યુગને સમાપ્ત કરવાના પ્રયાસો પૂરજોશમાં ચાલી રહ્યા છે. શાહની હાજરીમાં ભારત સરકાર, આસામ સરકાર અને ઉલ્ફા વચ્ચેનો આ ત્રિપક્ષીય શાંતિ કરાર શક્ય બન્યો છે. આ શાંતિ સમજૂતી સાથે, ઉત્તર-પૂર્વના રાજ્યોમાં દાયકાઓથી ચાલી રહેલ વિદ્રોહનો અંત આવ્યો છે. શાહે મોદીજીના શાંતિપૂર્ણ, સુરક્ષિત અને સમૃદ્ધ ઉત્તર-પૂર્વના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આસામ લાંબા સમયથી ઉલ્ફા હિંસાથી ઘેરાયેલું હતું અને ૧૯૭૯થી અત્યાર સુધીમાં ૧૦ હજાર લોકોએ જીવ ગુમાવ્યા છે.

આતંકવાદને માનવતાનો સૌથી મોટો દુશ્મન ગણાવતા શાહની નીતિઓ હેઠળ, આસામનું સૌથી જૂનું આતંકવાદી સંગઠન ULFA હિંસા છોડી દેવા, સંગઠનને વિખેરી નાખવા અને લોકશાહી પ્રક્રિયામાં જોડાવા માટે સંમત થયું છે. ઉલ્ફા સાથેના આ કરાર હેઠળ આસામના લોકોનો સાંસ્કૃતિક વારસો અકબંધ રહેશે. શરણાગતિ સ્વીકારનાર ઉલ્ફા કેડરોને સમાજની મુખ્ય ધારામાં જોડવામાં આવશે અને રોજગારના નવા રસ્તાઓ પ્રદાન કરવામાં આવશે. મોદી-શાહની જોડી સશસ્ત્ર ચળવળનો માર્ગ છોડી ચૂકેલા ઉલ્ફાના સભ્યોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહી છે.

આસામમાં શાંતિને લઈને ભારતીય રાજનીતિના ચાણક્ય અમિત શાહ દ્વારા લેવામાં આવેલ આ પગલું આસામ સહિત સમગ્ર નોર્થ-ઈસ્ટના વિકાસ માટે ભવિષ્યમાં એક સીમાચિહ્નરૂપ સાબિત થશે. આજે અમૃતકલમાં, ઉત્તર-પૂર્વમાં એક પછી એક સમસ્યાનો કાયમી ઉકેલ મળી રહ્યો છે.

## મુઘલોના સમયથી ભારતમાં છે આ રેડ લાઈટ એરિયા

# જીબી રોડ દિલ્હીનો સૌથી મોટો રેડ લાઈટ વિસ્તાર છે

### જીબી રોડનું મુઘલો સાથે ખૂબ જૂનું અને મોટું જોડાણ છે, મુઘલોના સમયમાં તેમના મહેલમાં એક જગ્યા હતી જેને હરામ કહેવામાં આવતું હતું

નવી દિલ્હી, તા.૨

ભારતમાં મુઘલ કાળથી રેડ લાઈટ વિસ્તાર અસ્તિત્વમાં છે. દિલ્હીના જીબી રોડનો ઈતિહાસ મુઘલો સાથે જોડાયેલો છે. બહુ ઓછા લોકો જાણતા હશે કે જીબી રોડ માત્ર મુગલોના કારણે જ બન્યો હતો. જીબી રોડને ભારતનો સૌથી જૂનો રેડ લાઈટ વિસ્તાર માનવામાં આવે છે.

જો જીબી રોડના નામની વાત કરીએ તો તેનું નામ અંગ્રેજ અધિકારી ગાર્સ્ટિન બેસ્ટિયનના નામ પરથી રાખવામાં આવ્યું હતું. તેના નામને કારણે જ તેને જીબી રોડ કહેવામાં આવે છે. જીબી રોડ દિલ્હીનો સૌથી મોટો રેડ લાઈટ વિસ્તાર છે. આજે પણ હજારો મહિલાઓ અહીં વેશ્યાવૃત્તિ કરે છે. જીબી રોડનું મુઘલો સાથે ખૂબ જૂનું અને મોટું જોડાણ છે. મુઘલોના સમયમાં તેમના મહેલમાં એક જગ્યા હતી જેને હરામ કહેવામાં આવતું હતું. તેણીના હેરમમાં મુઘલ દાસી હતી. મતલબ કે તે પોતાની પસંદની છોકરીઓને જબરદસ્તી રાખતો. પછી તેનું સ્થાન હેરમ બની ગયું. આ મહિલાઓ અને સજ્જનોને શાહજહાંના જહાંગીર પાસેથી



વારસામાં મળ્યા હતા. જહાંગીર એ સ્ત્રીઓને હેરમમાંથી કાઢી મૂકતો હતો. જેની ઉંમર વધી રહી હતી. ત્યાં તે સુંદર મહિલાઓ અને યુવતીઓને તેમની જગ્યાએ જગ્યા આપતો હતો. જ્યાં સુધી હેરમ જહાંગીરના કબજામાં હતું ત્યાં સુધી તે જહાંગીરના તાબામાં હતું.

જહાંગીર પછી હેરમનો આ વારસો શાહજહાં પાસે ગયો. શાહજહાંએ પણ એ જ પ્રક્રિયાનું પુનરાવર્તન કર્યું. હેરમની બહાર ફેંકી દેવાયેલી સ્ત્રીઓ અને છોકરીઓ ત્યાં પહોંચી જતી. તેમની ખરીદી માટે અહીં જીબી રોડ પર મીના બજાર પણ ઊભું કરવામાં આવ્યું હતું. જ્યારે ઔરંગઝેબે શાહજહાંને પકડીને બંદી બનાવી દીધો. તેણે ઘણી સ્ત્રીઓને હેરમમાંથી પણ કાઢી મૂકી. તેઓ બધા જીબી રોડ પર પહોંચ્યા. મુઘલોના સમયમાં આ જીબી રોડ વિસ્તાર પાંચ અલગ-અલગ જગ્યાએ ફેલાયેલો હતો. પરંતુ જ્યારે અંગ્રેજોએ ભારત પર શાસન શરૂ કર્યું. પછી તેણે આ બધી જગ્યાઓ એક સાથે મર્જ કરી. આ કામ કરનાર અંગ્રેજ અધિકારીનું નામ ગાર્સ્ટિન બાસ્ટિયન હતું. અંગ્રેજ અધિકારીના નામ પરથી આ રોડનું નામ જીબી રોડ રાખવામાં આવ્યું હતું. વર્ષ ૧૯૬૬માં ભારત સરકાર દ્વારા તેનું નામ બદલીને શ્રદ્ધાનંદ માર્ગ કરવામાં આવ્યું હતું.

### રાજ્યમાં હાર્ટ એટેકથી મોતનો સિલસિલો યથાવત

# રાજકોટમાં વધુ ચાર લોકોએ ગુમાવ્યો જીવ



## આજકાલ, એવા ઘણા કિસ્સાઓ છે જ્યારે જીમમાં વર્કઆઉટ અથવા ડાન્સ કરતી વખતે યુવાનોને હાર્ટ એટેક આવે છે

રાજકોટ

રાજ્યમાં નાની વયે હાર્ટ એટેકથી મોતનો સિલસિલો યથાવત છે. રાજકોટમાં ચાર લોકોના હાર્ટ એટેકને કારણે મોત થયા છે. જેમાં એક વ્યક્તિની ઉંમર ૪૦ વર્ષથી નીચે છે તો એકની ઉંમર ૫૦ વર્ષની નીચે અને બેની ઉંમર ૫૦ વર્ષથી ઉપર છે. જે ચાર લોકોના હાર્ટ એટેકથી મોત થયા છે તેમાં ૩૬ વર્ષીય કારૂલાલ મેઘવાળ ડ્રાઈવર સાથે ક્લીનર તરીકે એમપીથી ફૂટની ડિલિવરી કરવા આવ્યો હતો ત્યારે હાર્ટ એટેકને કારણે મોત થયું હતું. બીજું નામ ૫૫ વર્ષીય કારખાનેદાર રમેશભાઈ અમિપરાનું છે જે પોતાના કારખાને હતા ત્યારે જ હાર્ટઅટૅક આવ્યો હતો અને તેમનું મોત થયુ હતું. ત્રીજું નામ ૪૫ વર્ષીય મધુભાઈ સાબડનું છે જે રીક્ષામાં માર્કેટ યાર્ડથી શાકભાજી ભરીને જતા હતા ત્યારે રસ્તામાં હાર્ટ એટેક આવ્યો અને જીવ ગુમાવ્યો હતો. ચોથું નામ રૈયાધાર વિસ્તારમાં રહેતા ૫૪ વર્ષીય રઘુભાઈનું છે જેમને પોતાના ઘરે જ હાર્ટ એટેક આવતા મોત થયુ હતું. યુવાનોના હૃદય સતત નબળા પડી રહ્યા છે. એક ચોંકાવનારો અહેવાલ જણાવે છે કે આજે લોકો જે પ્રકારની જીવનશૈલી જીવી રહ્યા છે તેની અસર હૃદય પર પડી રહી છે અને હાર્ટ એટેક જેવી જીવલેણ બીમારીઓ ઝડપથી વધી રહી છે. અમેરિકન જર્નલ ઑફ ક્લિનિકલ એન્ડ ડાયગ્નોસ્ટિક રિસર્ચમાં પ્રકાશિત અહેવાલ દર્શાવે છે કે ૨૦૧૫ સુધીમાં ભારતમાં લગભગ ૬.૫ કરોડ લોકો હૃદયની બીમારીઓથી પીડિત હતા. આશ્ચર્યની વાત એ છે કે આમાંથી લગભગ ૨.૫ કરોડ લોકો ૪૦ વર્ષ કે તેનાથી ઓછી ઉંમરના છે. WHOનો તાજેતરનો રિપોર્ટ પણ ભારતીયોને ડરાવશે. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે છેલ્લા ૧૦ વર્ષમાં ભારતમાં હૃદય રોગના કારણે મૃત્યુની સંખ્યામાં ૭૫%નો વધારો થયો છે. રિપોર્ટ અનુસાર, માત્ર વર્ષ ૨૦૧૯માં જ સમગ્ર વિશ્વમાં લગભગ ૧.૮૦ કરોડ લોકો હૃદયની બીમારીઓને કારણે મૃત્યુ પામ્યા છે. આમાંથી ૮૫ ટકા મૃત્યુનું કારણ માત્ર હાર્ટ એટેક છે. હાર્ટ સ્પેશિયાલિસ્ટના મતે હાર્ટ એટેકની સ્થિતિને 'મ્યોકાર્ડિયલ ઇન્ફાર્ક્શન' કહેવામાં આવે છે.

આ એવી સ્થિતિ છે જ્યારે હૃદયના કોઈ ભાગમાં લોહીનો પુરવઠો બંધ થઈ જાય છે અને તેના કારણે ત્યાં લાંબા સમય સુધી લોહી અને ઓક્સિજન પહોંચી શકતું નથી. જેના કારણે તે કામ કરવાનું બંધ કરી દે છે અને વ્યક્તિનું મૃત્યુ થાય છે. હાર્ટ એટેકનું મુખ્ય કારણ સામાન્ય રીતે લોહીના ગંઠાવાનું સંચય છે. જેને બ્લડ ક્લોટિંગ પણ કહેવાય છે, જે ધમનીઓમાં ચરબી જમા થવાને કારણે થાય છે. આજકાલ, એવા ઘણા કિસ્સાઓ છે જ્યારે જીમમાં વર્કઆઉટ અથવા ડાન્સ કરતી વખતે યુવાનોને હાર્ટ એટેક આવે છે. આ અંગે આરોગ્ય નિષ્ણાતો કહે છે કે આજકાલ અજાણ્યા હૃદયરોગ, કોઈ યોગ્ય તાલીમ વિના વધુ પડતી અને ભારે કસરત, ડીહાઈડ્રેશન અને વધુ પડતા ઉત્તેજક અથવા કેફીનનું સેવન યુવાનોના હૃદયને નબળું પાડી રહ્યું છે અને તેમનામાં હાર્ટ એટેકની બીમારીઓ વધી રહી છે.

## વિદ્યાર્થીઓએ પ્રવેશ પરીક્ષામાં બેસવા માટે પોતાનું પ્રવેશપત્ર નવોદય વિદ્યાલયની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે

દાહોદ

જવાહર નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા ધોરણ-૬માં વર્ષ: ૨૦૨૪-૨૫ માં પ્રવેશ મેળવવા માટે જે વિદ્યાર્થીઓએ ઓનલાઈન આવેદનપત્ર ભરેલા છે તેવા વિદ્યાર્થીઓએ પ્રવેશ પરીક્ષામાં બેસવા માટે થઈને પોતાનું પ્રવેશપત્ર (ADMIT CARD) નવોદય વિધ્યાલયની વેબસાઈટ www.navodaya.gov.in તથા cbseitms.rcil.gov.in ઉપરથી તા.૨૧/૧૨/૨૦૨૩ થી ડાઉનલોડ કરી શકાશે.

વધારાની જાણકારી માટે આચાર્યશ્રી, જવાહર નવોદય વિધ્યાલય, લીમખેડા જિલ્લો. દાહોદ-ટ નો સંપર્ક કરવો.

### તમામ ડિરેક્ટરો બિનહરીફ ચૂંટાયા

# થરાદ માર્કેટ યાર્ડના બોર્ડ ઓફ ડિરેક્ટરોની ચૂંટણી ટળી

## બીજી બાજુ દિયોદરના માર્કેટયાર્ડમાં પાંચ દિવસ પહેલા તસ્કરોએ સાત દુકાનના તાળાં તોડી ૪.૬૫ લાખની રોકડ રકમ ચોરી કરી હતી

અમદાવાદ

બનાસકાંઠામાં થરાદ માર્કેટયાર્ડમાં બોર્ડ ઓફ ડિરેક્ટરોની ચૂંટણી ટળી ગઈ છે. વધારાના તમામ ફોર્મ પરત ખેંચાતા તમામ ડિરેક્ટરો બિનહરીફ ચૂંટાયા હતા. મળતી જાણકારી અનુસાર, થરાદ માર્કેટયાર્ડમાં ૮ તારીખે યોજાનાર બોર્ડ ઓફ ડિરેક્ટરોની ચૂંટણી ટળી હતી. ફોર્મ પરત ખેચવાને અંતિમ દિવસે વધારાના તમામ ફોર્મ પરત ખેંચાઈ જતા ડિરેક્ટરો બિનહરીફ ચૂંટાયા હતા. ત્રણેય વિભાગોની ૧૬ બેઠકો માટે કુલ ૬૮ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. પરંતુ ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે તમામ ફોર્મ પરત ખેંચાઈ જતા આખુ બોર્ડ ઓફ ડિરેક્ટર બિન હરિફ જાહેર થયું હતું. માર્કેટયાર્ડના વર્તમાન ચેરમેન અને સાંસદ પરબત પટેલની જગ્યાએ આ વખતે તેમના પુત્ર અને બનાસ બેંકના ડિરેક્ટર શૈલેષ પટેલ પણ ખેતીવાડી વિભાગમાંથી બિનહરીફ ચૂંટાયા હતા. બનાસકાંઠાના દિયોદરના માર્કેટયાર્ડમાં પાંચ દિવસ પહેલા તસ્કરોએ સાત દુકાનના તાળાં તોડી ૪.૬૫ લાખની રોકડ રકમ ચોરી કરી હતી. જેને લઈ વેપારીઓએ પોલીસ ફરીયાદ નોંધાવી હતી. જોકે હજુ સુધી તસ્કરો ન પકડાતાં વેપારીઓમાં આક્રોશ ફેલાયો છે. જેને લઈને છેલ્લા ૫ દિવસથી વેપારીઓ પોતાના ધંધા રોજગાર બંધ રાખીને જ્યાં સુધી આરોપીઓ ન પકડાઈ ત્યાં સુધી હડતાળ ઉપર ઉતર્યા છે. જેના કારણે વેપારીઓ અને ખેડૂતોને નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. દિયોદર નવીન માર્કેટયાર્ડમાં પાંચ દિવસ પહેલા રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા. જેમાં શિવ ટ્રેડસ સહિત સાત દુકાનોના તાળા તોડી દુકાનોમાં રહેલા ૪.૬૫ લાખની રોકડ રકમની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગે દિયોદર માર્કેટયાર્ડના વેપારીઓએ દિયોદર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જોકે માર્કેટયાર્ડમાં ચોરી થતા વેપારીઓ અચોક્કસ મુદત માટે ધંધા-રોજગાર બંધ રાખી જ્યાં સુધી તસ્કરો ન પકડાય ત્યાં સુધી હડતાળ ઉપર ઉતરી ગયા હતા. જોકે ચોરીના ૫ દિવસ પસાર થઈ ગયા હોવા છતાં હજુ સુધી પોલીસ દ્વારા તસ્કરોને પકડવામાં ન આવતા વેપારીઓમાં ભારે રોષ વ્યાપ્યો છે. જેથી દિયોદર માર્કેટયાર્ડ વેપારી એસોસિયનના તમામ વેપારીઓ એક સંપ થઈ જ્યાં સુધી તસ્કરો ન ઝડપાય ત્યાં સુધી માર્કેટયાર્ડમાં જાહેર હરાજી, ધંધા વ્યવસાય બંધ રાખવાનો નિર્ણય કરી હડતાળ ઉપર બેઠા છે. જેથી માર્કેટયાર્ડમાં હરાજી બંધ રહી અને તમામ દુકાનોમાં તાળા લાગ્યા છે.

# વડોદરાની શાળામાં વિદ્યાર્થી પર ધારદાર બ્લેડ વડે હુમલો

વડોદરા

આમ તો શાળામાં ભણતા વિદ્યાર્થીઓ વચ્ચે સામાન્ય ઝઘડો કે તકરાર થવી એ સામાન્ય બાબત છે પરંતુ શહેરની એક શાળામાં આજે બે વિદ્યાર્થીઓ વચ્ચે એવી ઘટના ઘટી કે નજરે જોનાર અન્ય વિદ્યાર્થીઓ ઘટનાને જીવનમાં ક્યારેય પણ નહિ ભૂલી શકે.

સામાન્ય રીતે શાળામાં વિદ્યાર્થીઓના ખિલખિલાટનો અવાજ સાંભળવા મળતો હોય છે પરંતુ શહેરના નાગરવાડા સ્થિત જીવન સાધના સ્કૂલમાં આજે વિદ્યાર્થીઓની ચિખો સાંભળવા મળતા સ્થિતિ તંગ બની હતી. સમગ્ર મામલે જો વિસ્તારથી વાત કરીએ તો જીવન સાધના સ્કૂલમાં ધોરણ ૪ માં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી થઈ હતી. અને બાદમાં રમકડાંથી રમવાની ઉંમરે એક વિધર્મી વિદ્યાર્થીએ ધારદાર બ્લેડ વડે ખૂની ખેલ ખેલી નાખ્યો હતો. જોકે ઘટનાને નજરે જોનાર વિદ્યાર્થીઓ જ્યારે શાળાના આચાર્યને આ મામલે ફરિયાદ કરવા ગયા ત્યારે ફરિયાદ કરનાર વિદ્યાર્થીઓને વિધર્મી હુમલાખોર વિદ્યાર્થીના વાલીઓ દ્વારા માર મરાયો હોવાના આક્ષેપ કર્યા હતા.

જીવન સાધના સ્કૂલમાં એક વિધર્મી વિદ્યાર્થીએ અન્ય વિદ્યાર્થી પર બ્લેડ વડે હુમલો કર્યો હોવાની વાત વાયુવેગે પ્રસરતા અન્ય વિદ્યાર્થીઓના વાલીઓ પણ સ્કૂલ ખાતે દોડી આવ્યા હતા અને શાળાના આચાર્ય તેમજ ટ્રસ્ટીને આ મામલે ઉગ્ર રજૂઆત કરી હતી પરંતુ સ્કૂલના ટ્રસ્ટીએ જાણે કોઈ ઘટના બની જ ન હોય તેમ સમગ્ર ઘટનાને હળવાશથી લીધી હતી.

# સુરતના વિદ્યાર્થીઓએ બીચની સફાઈ માટે રોબોટનો આવિષ્કાર કર્યો

સુરત : ગુજરાત પાસે ૧,૬૦૦ km નો દરિયા કિનારો મળ્યો છે. ગુજરાતના દરિયા કિનારે અનેક બીચ પણ આવેલા છે. બીચના કારણે પ્રવાસીઓ પણ હોંશે હોંશે દરિયા કિનારાનો પ્રવાસ માણતા હોય છે. પ્રવાસી ઘસારાને પગલે બીચને સ્વચ્છ રાખવાના પ્રશ્ન મોખરે હોય છે. ત્યારે બીચ ને સ્વચ્છ રાખવા માટેનો તોડજોડ માટે વિદ્યાર્થીઓ શોધ્યો છે. બીચ સ્વચ્છ રહે તે માટે યુનિક રોબોટ બનાવ્યો છે.ગુજરાત પાસે ૧૬૦૦ કિલોમીટર દરિયા કિનારો છે,આ દરિયા કિનારે અનેક બીચ વિકસ્યા છે. જે પ્રવાસી માટે આકર્ષણ ઉભુ કરી રહ્યા છે. વધતા પ્રવાસીઓ બીચમાં ઘસારાને કારણે હવે બીચ પર સ્વચ્છતા ના પ્રશ્નો ઉદભવી રહ્યા છે. બીચ સ્વચ્છ રહે તે માટેનું બીડું સુરતની સરદાર પટેલ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ના વિદ્યાર્થીઓ ઝડપ્યું.

### સોનલ મા જન્મને થઈ રહ્યા છે ૧૦૦ વર્ષ પૂર્ણ

# કેશોદના સોનલધામમાં થશે અતિ ભવ્ય ઉજવણી

## ૮ જાન્યુઆરી વર્ષ ૧૯૨૪ પોષ સુદ બીજને રાત્રે ૮:૩૦ વાગ્યે ભગવતીમાં સોનલનું પ્રાગટ્ય થયું હતુ




જૂનાગઢ

કેશોદ તાલુકાનું મઢડા ગામ આઈ શ્રી સોનલધામ મઢડા આજે અનેક લોકોની આસ્થાનું કેન્દ્ર છે. ૮ જાન્યુઆરી વર્ષ ૧૯૨૪ પોષ સુદ બીજને રાત્રે ૮:૩૦ વાગ્યે ભગવતીમાં સોનલનું પ્રાગટ્ય થયું હતું. પોષ સુદ બીજને સોનલ બીજ તરીકે હાલમાં પણ ઓળખવામાં આવે છે. તારીખ પ્રમાણે ૮ જાન્યુઆરીના દિવસે સોનલમાના જન્મને ૧૦૦ વર્ષ પૂર્ણ થશે. આ જન્મ શતાબ્દીને ખૂબ ભવ્ય રીતે ઉજવવા માટે સમગ્ર મંદિર તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. સોનલમા સમજણા થયા ત્યારથી જ ચારણ સમાજની ઉન્નતિના દ્વાર ઉઘડવા લાગ્યા હતા. એમની કરુણતાના અમૃત ઝરણાએ કેટલાય લોકોના સંતાપને દૂર કર્યા હતા. આઈ શ્રી સોનલમા ગામડે સુપડે અને નેહડે પ્રવાસો કરી અથાગ પ્રયત્નોથી સમાજની ચડતી કળા થાય તે માટે જહેમત ઉઠાવી હતી. સોનલમાએ ગુજરાત ઉપરાંત રાજસ્થાન, મધ્યપ્રદેશના પણ પ્રવાસો કર્યા હતા. શિક્ષણ ક્ષેત્રે ચારણ સમાજને આગળ લાવવા અનેક કામગીરી કરી હતી. કચ્છના માંડવી મુકામે વર્ષ ૧૯૫૭માં એક બોર્ડિંગ સ્કૂલની સ્થાપના કરી ત્યારબાદ માતાજીએ વાળાંક અને બાબરીયા વાળના તમામ પ્રદેશોના પ્રવાસો કર્યા હતા. સોનલમા પ્રદેશની ઉન્નતી માટે અથાગ મહેનત કરી અને વ્યસનમુક્તિની ચળવળમાં પણ ભગવત બાપુ, વિનોબા ભાવે,રવિશંકર મહારાજ, કનુભાઈ લહેરી, કલ્યાણ શેઠ અને અન્ય વિદ્વાન ચારણો સાથે વ્યસનમુક્તિ માટે બેથી વધુ વાર પ્રવાસ કર્યા તે પછી ગીર, બરડો, બારાડી, હાલાર, કચ્છ વાગડ, ઝાલાવાડ, સાબરકાંઠા, મધ્ય ગુજરાત અને ગુજરાતના તમામ પ્રદેશોમાં અનેક વખત પ્રવાસો કરી અને માતાજીએ ભાવનગર અને અમદાવાદ તેમજ અન્ય છાત્રાલયોને સતત પ્રોત્સાહિત કરી શિક્ષણ પર સતત ભાર મુકતા આવ્યા હતા. સમય જતા સમસ્ત ચારણ અને ચારણેતર સમાજમાં પૂજ્ય આઈ શ્રી સોનલમાની સેવાકીય પ્રવૃત્તિ સુધારાવાદી વિચારધારાની ધજા ફરકવા લાગી હતી. નાનું એવું મઢડા ધામ દેશ વિદેશમાં સોનલ ધામ તરીકે વિખ્યાત થયું હતું. સમગ્ર સમાજમાં શિક્ષણની જ્યોત પ્રગટાવી અને આઈ શ્રી સોનલમાં કારતક સુદ તેરસને બુધવારના ૨૭ નવેમ્બર વર્ષ ૧૯૭૪ની વહેલી સવારે પાંચ વાગ્યે અમદાવાદ મુકામે અનંતની વાટ પકડી હતી. આગામી ૧૧,૧૨ અને ૧૩ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ત્રિ દિવસીય જન્મ શતાબ્દી મહોત્સવ સોનલધામ મઢડા ખાતે ઉજવાશે, તેમાં અનેક સંતો, મહંતો અને રાજકીય આગેવાનો પણ ઉપસ્થિત રહેશે. મહામહિમ રાજયપાલ આચાર્ય દેવવ્રત પણ આ કાર્યક્રમનો હિસ્સો બનશે ત્યારે દરેક લોકોને આ કાર્યક્રમનું સાક્ષી બનવા માટે સોનલધામ મઢડા પરિવાર તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### ફરી એક વેપારી છેતરાયો

# બંધ વીમા પૉલીસી ચાલુ કરાવવાના નામે યુવતીએ ૬૪ હજાર ખંખેરી લીધા

## કાપડ વેપારી નિરંજન શર્માને ૧લી ડિસેમ્બરે એક છોકરીને ફોન આવ્યો હતો, તે છોકરીએ પોતાની ઓળખ નેહાબેન હોવાની આપી હતી

સુરત

સુરતમાંથી નકલી કંપની દ્વારા ફરી એકવાર એક વેપારી સાથે છેતરપિંડી થયાની ફરિયાદ સામે આવી છે. એક યુવતીએ ખુદને વીમા પૉલીસી કંપનીની કર્મચારી હોવાની ઓળખ આપીને એક વેપારી પાસેથી ૬૪ હજાર ખંખેરી લીધા હતા, ખરેખરમાં, નકલી વીમા કંપનીએ વેપારીને તેમની જુની બંધ પડેલી પોલીસીને ફરી ચાલુ કરવા માટે લાલચ આપી હતી, જે પછી વેપારી પાસે ઠગાઈ થઈ હતી. આ ઘટના સુરત શહેરના સારોલી મૉડલ ટાઉન રેસિડેન્સીમાં ઘટી છે.

સુરતમાં દિવસ દિવસે નકલીનો ધંધો ધોમધખી રહ્યો છે, હવે વધુ એક નકલી વીમા કંપની સામે ફરિયાદ નોંધાઈ છે. ખરેખરમાં વાત એમ છે કે, શહેરના સારોલી વિસ્તારમાં રહેતા એક કાપડના વેપારી સાથે છેતરપિંડી થઈ છે. સુરતના સારોલીના મૉડલ ટાઉન રેસિડેન્સીમાં રહેતા કાપડ દલાલ નિરંજન શર્મા સાથે ૬૪ હજારની છેતરપિંડી થયાની ઘટના ઘટી છે. કાપડ વેપારી નિરંજન શર્માને ૧લી ડિસેમ્બરે એક છોકરીને ફોન આવ્યો હતો, તે છોકરીએ પોતાની ઓળખ એક્સાઈડ લાઈફ ઈન્શ્યૉરન્સ લિમીટેડ કંપનીમાંથી કર્મચારી નેહાબેન હોવાની આપી હતી. નેહાબેન નામની નકલી યુવતીએ ૫૩ વર્ષીય કાપડ વેપારી નિરંજન શર્માને તેમની બંધ પડેલી પોલીસેને પુનઃ ચાલુ કરવા માટે સમજાવ્યા હતા, નેહા બેને નિરંજન શર્માને ૩૦ હજારમાં ૮૦ હજારની લાલચ આપી હતી, અને બાદમાં તેમની પાસેથી બંધ પૉલીસી ચાલુ કરવાના નામે ૬૪ હજાર ખંખેરી લીધા હતા. ખાસ વાત છે કે, નકલી કંપની દ્વારા ફ્રૉડ કરવામાં આવ્યું તે પહેલા યુવતીએ પોતાને એક્સાઈડ લાઈફ ઈન્શ્યૉરન્સ લિમીટેડ કંપનીની કર્મચારી નેહાબેન બતાવી હતી, સાથે સાથે તેમના સીનિયર ઓફિસર તરીકે રાહુલ અગ્રવાલ અને મેનેજર તરીકે માહી સિંગની પણ ઓળખ આપી હતી. છેતરપિંડીની ઘટના બાદ સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો.

### ભાવનગરમાં બુટલેગરો બેફામ

# ભાજપની મહિલા કોર્પોરેટરને મારી નાખવાની આપી ધમકી

## રાજ્યમાં વ્યાજખોરોનો ત્રાસ વધી રહ્યો છે, ભાવનગરમાં જ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે



ભાવનગર

ભાવનગર શહેરમાં બુટલેગરો બેફામ બન્યા છે. ભાજપની મહિલા કોર્પોરેટરને મારી નાખવાની ધમકી આપી છે. ભાજપના મહિલા કોર્પોરેટરનાં ઘર પર આવીને બુટલેગરો નગરસેવિકા અને તેના પતિને ધમકાવતો હોય તેનો વિડીયો પણ સામે આવ્યો છે. શહેરના કુંભારવાડા મિલની ચાલી નજીક રહેતા વડવા-બ વોર્ડનાં ભાજપના નગર સેવિકા સેજલબેન ગોહિલે બોરતળાવ પોલીસ મથકમાં આ અંગેની ફરિયાદ નોંધાવી છે. સાથે જ મહિલા નગર સેવક દ્વારા ગૃહમંત્રીને પણ રજૂઆત કરવામાં આવી છે. જે પત્રની અંદર જણાવવામાં આવ્યું છે કે બુટલેગરો ઘર પર પથ્થરમારો કરે છે. ત્યારે સૌથી મોટો સવાલ એ છે કે ભાજપના શાસનમાં હવે ભાજપના જ નગરસેવિકા સુરક્ષિત નથી તો પછી સામાન્ય લોકોની પરિસ્થિતિ શું થતી હશે તે સમજી શકાય છે. રાજ્યમાં વ્યાજખોરોનો ત્રાસ વધી રહ્યો છે, ભાવનગરમાં જ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં વ્યાજખોરોએ એક લેણદારને પોતાના સંકજામાં ફસાવીને વતન છોડવા પર મજબૂર કરી દીધો હતો. ખાસ વાત છે કે, વ્યાજખોરોનો ત્રાસ એટલો વધી ગયો કે ઉછીના નાણા પરત ના આપતા લેણદાર પાસે તેમને ઘર પણ બળજબરી પૂર્વક લખાવી લીધુ હતુ. હાલમાં આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધી છે, અને તપાસ ચાલુ છે. મળતી માહિતી પ્રમાણે, રાજ્યમાં ઠેર ઠેર વ્યાજખોરોનો ત્રાસ વધવાની ઘટનાઓ ફરી એકવાર સામે આવી રહી છે, આજે ભાવનગર જિલ્લામાં વ્યાજખોરોના વિષચક્રમાં એક વ્યક્તિ ફસાયો હોવાનું સામે આવ્યુ છે, આ વ્યક્તિને હવે વતન પણ છોડવું પડ્યુ છે. આ ઘટના જિલ્લાના સિહોર તાલુકાના સણોસરા ગામની છે. સણોસરા ગામમાં એક ખેડૂત કે જે પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલો છે, તેને હાલમાં જ ૧૧ વ્યાજખોરો સામે સોનગઢ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ખરેખરમાં ઘટના એવી છે કે, સણોસરા ગામના પશુપાલક વિક્રમભાઈ રાઠોડ નામના વ્યક્તિએ ૨૦૧૯માં પશુઓના નિરણ માટે વ્યાજે રૂપિયા લીધા હતા, જેની ચૂકવણી બાબતે વ્યાજખોરો સતત ઉઘરાણી કરી રહ્યાં હતા. જે રૂપિયા લીધા હતા, તેનું વ્યાજખોરો દ્વારા ઊંચા વ્યાજ દરે અને વારંવાર ઉઘરાણી કરવામાં આવતી હતી. માથાભારે વ્યાજખોરોએ વિક્રમભાઈને ઘાક અને ધમકીઓ પણ આપી હતી. રૂપિયાની ચૂકવણી બાબતે વિક્રમભાઈએ આરોપ લગાવ્યો છે કે, આ વ્યાજખોરોએ તેમની પાસેથી તેમના મકાનનું બળજબરીથી બાનાખત પણ કરાવી લીધુ છે, એટલુ જ નહીં થોડાક દિવસો પહેલા વ્યાજખોરો દ્વારા તેમને ઢોર માર મારવામાં પણ આવ્યો હતો. વ્યાજખોરો તેમને અસહ્ય ત્રાસ આપતા તેઓને હવે પરિવાર સાથે પોતાનું વતન છોડીને અન્ય સ્થળે પલાયન થવું પડ્યું છે. આમ સિહોર તાલુકામાં વ્યાજખોરો વિરુદ્ધ વારંવાર ફરિયાદો થઈ રહી છે. પોલીસનો કોઈ ડર જ ના હોય તેમ વ્યાજખોરો બિન્દાસ વ્યાજની પઠાણી ઉઘરાણી કરીને સામાન્ય માણસોને ધમકાવીને હેરાન પરેશાન કરી રહ્યાં છે.

Publisher, Printer and Owner : Vijyaben V. Sisodiya • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya